નં.- આઈ.ટી/નો ડ્યુ/રદ્દ/ઓન/ 3244

વાહન વ્યવહાર કમિશ્નર શ્રી ની કચેરી,

બ્લોક નં.ડ બીજો અને ત્રીજો માળ

ડો. જીવરાજ મહેતા ભવન

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

તા. 20 MAY 2019

પ્રતિ,

પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી

સહા.પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી,

તમામ.

વિષય:- નો ડ્યુ સર્ટિફિકેટની જોગવાઈ રદ કરવાની સૂચનાનો ચૂસ્ત અમલ કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે,હાલમાં સમગ્ર રાજ્યમાં વાહન ૪ સોફ્ટવેર અમલી છે જેમાં રાજ્યમાં નોંધાયેલા તમામ વાહનોનો ડેટા ડીજીટલાઈઝ્ડ થયેલ છે. વાહન ૪ સોફ્ટવેર અમલમાં આવતાં તમામ વાહનોનો ડેટા ઓનલાઈન ઉપ્લબ્ધ છે. તમામ વાહનોનો ડેટા વાહન ૪.૦ પોર્ટલ પર ઉપલબ્ધ હોઇ અને તમામ વાહનોના પેન્ડીંગ મેમો ની વિગત ઇ-ચલણ સોફટવેરમાં ઉપલબ્ધ હોઇ તેનું ઓનલાઇન વેરીફીકેશન સરળતાથી કરી શકાય તેમ છે. આથી વાહનના ગુજરાત રાજયમાં માલીકી/સરનામા ફેરબદલના કિસ્સામાં નો-ડયુ સર્ટીફીકેની માંગણી નહીં કરવાની અગાઉની સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

જેમાં નીચે મુજબની સુચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્યના જે તે જિલ્લામાં નોંધાયેલ આવા વાહનોને અન્ય જિલ્લામાં ટ્રાંઝેક્શન કરવા માટે અમલવારી કરવાની રહેશે. અન્ય રાજ્યમાં વાહન તબદીલી માટે NOC ફોર્મ ૨૮ માં મેળવવાની જોગવાઈ અમલમાં છે જેની નોંધ લેવી.

P.T.O.

(૨) જે વાહનોનો ડેટા વાહન ૪ માં છે તે માટે અમલવારી કરવાની રહેશે.

(3) જે વાહનોનો ડેટા વાહન ૪ માં નથી તેવા વાહનનું પ્રથમ બેક્લોગ કરવું ત્યારબાદ કચેરીએ પરસ્પર સંપર્ક કરી વાહન પર કોઇ ડીએ કેસ બાકી નથી/વોન્ટેડ નોંધ તથા અન્ય લેણું બાકી નથી તેની ચકાસણી કરી કામગીરી કરવાની રહેશે. પરંતુ કોઇપણ સંજોગોમાં અરજદારને NDC લઇ આવવા આગ્રહ કરવો નહીં.

(૪) દરેક કચેરીએ પોતાની કચેરીએ બાકી રહેલા ડીએ કેસ ઈ-ચલણ મોડ્યુલમાં ચડાવવાનાં રહેશે તથા તા. ૩૧/૦૫/૧૯ ની સ્થિતિએ કોઈપણ ડીએ કેસ ઈ-ચલણ મોડ્યુલમાં ચડાવવાના બાકી નથી તેનું પ્રમાણપત્ર મોકલી આપવાનું રહેશે.

AGTTA
DT. 23-05-2019
File No. : 19

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર